# એઆઈટીએમાં ગાંધીનગરના સિતારા ઝળક્યા



એઆઈટીએ સુપર સિરીઝ તાજેતરમાં અમદાવાદમાં એઆરએ ટેનિસ એકેડેમી ખાતે યોજાઈ હતી. ઈન્ફોસિટી ટેનિસ એકેડેમીની તાલીમાર્થી દિવ્યા ભારદ્વાજે આ સ્પર્ધાના અન્ડર-૧૮ સિંગલ્સ વિભાગમાં વિજેતા સ્થાન હાંસલ કર્યું હતું. ડબલ્સમાં દિવ્યા અને માહીએ રનર્સ-અપનું સ્થાન મેળવ્યું હતું. બંને તાલીમાર્થીઓને કોચ પ્રકાશ ધોબી અને સંદિપસિંહ ઝાલા દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ હાઈસ્કૂલ, શ્રીમતી આર જી કન્યા માધ્યમિક શાળા, એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે હાથ ધરવામાં આવી હતી. શરૂઆતમાં ત્રણેય શાળાઓના પસંદ કરાયેલા ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઊર્જા સંરક્ષણ જાગૃતિ અર્થે રેલીનું આયોજન કર્યું હતું. ત્યારબાદ ક્રિએટીવ ઝોનના હૉલમાં નિસર્ગના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ દ્વારા ઊર્જા સંરક્ષણ અને વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતિમ તબક્કામાં રૉકેટ લૉન્ચિંગના રોચક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રૉકેટના વિવિધ ભાગ, ફ્યુઅલ તથા તેના લૉન્ચિંગને લગતી રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને પિરસવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમણભાઈ પટેલ દ્વારા અને આભાર દર્શન સેજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



**નિશિત વ્યાસ**
જનરલ સેક્રેટરી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી
મો. ૯૮૨૪૦ ૩૧૯૯૯



**વિનોદ સુંદેશા**
મો. ૯૮૯૮૩ ૧૨૦૭૫



**દિવ્યાંશી**
**રણછોડસિંહ રથવી**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક





હિલવૂડ સ્કૂલ, ગાંધીનગરનો ૯મો વાર્ષિકોત્સવ તાજેતરમાં 'વૉટર' થીમ સાથે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો હતો. ગીત, સંગીત, નૃત્ય અને નાટ્યનો અનોખો સંગમ શાળા પરિસરમાં યોજાયેલા આ વાર્ષિકોત્સવમાં જોવા મળ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જય પ્રકાશ શિવહરે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે મૅનેજમેન્ટ, સ્ટાફ, વિદ્યાર્થીઓને આ જ્વલંત શો અને તેમાં વિદ્યાર્થીઓના અનોખા પ્રદર્શન બદલ બિરદાવ્યા હતા.





ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં સ્વ. દાસકાકા શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે ડૉ. અવકાશભાઈ પટેલ અને ડૉ. જૈમિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સ્વચ્છતા અને રમતોનું જીવનમાં શું મહત્ત્વ છે તે વિદ્યાર્થિનીઓને સમજાવ્યું હતું. શાળાની ૯૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ રમતોત્સવ અંતર્ગત ૧૦૦ મીટર દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, કોથળા દોડ, સ્લો સાઈકલિંગ, દોરડા કૂદ, દડા ફેંક, લીંબુચમચી અને સંગીત ખુરશી જેવી રમતોમાં ભાગ લીધો હતો. આચાર્ય નીરૂબેન પટેલે અતિથિ વક્તાઓનું સ્વાગત કર્યું હતું અને સુપરવાઈઝર ભગવતીબેન દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્યાયામ શિક્ષક દક્ષાબેન પટેલ, હંસાબેન પટેલ અને ચંદ્રકાન્તભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# નવી ૧૧૮ માધ્યમિક શાળાઓ રાજ્યમાં શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં નવી ૧૧૮ સરકારી માધ્યમિક શાળા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા આ શાળા શરૂ કરવાનો નિર્ણય લીધો છે અને તે માટે શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની જગ્યાઓ ઊભી કરવામાં આવશે. આ નવી શાળા માટે રૂ. ૬૯૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ જગ્યાઓ ભરવામાં આવે ત્યારે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાની જવાબદારી કમિશનર ઓફ સ્કૂલની રહેશે, ઉપરાંત ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાનું નક્કી કરાયું છે.

રાજ્યમાં નવા સરકારી માધ્યમિક શાળા શરૂ કરવાની વિચારણા સરકાર દ્વારા હાથ ધરવામાં આવી હતી. વિચારણાના અંતે રાજ્યના બિન આદિજાતિ વિસ્તારમાં ૯૪ અને આદિજાતિ વિસ્તારમાં ૨૪ મળી કુલ ૧૧૮ નવી સરકારી માધ્યમિક શાળા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્કૂલ શરૂ કરાયા બાદ તેમાં સ્ટાફની પણ ભરતી કરવામાં આવશે. જેમાં ૧૧૮ શાળા માટે શિક્ષણ સહાયકની ૧૭૭ જગ્યા, વહીવટી સહાયકની ૧૧૮ જગ્યા અને સાથી સહાયકની ૧૧૮ જગ્યા ભરવામાં આવશે. આ જગ્યા ઊભી કરવા માટે છ માસના અંદાજિત ખર્ચ પેટે રૂ. ૬૮૯.૯૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે. નવી સરકારી માધ્યમિક શાળામાં નિમણૂક પામનાર શિક્ષણ સહાયકને માસિક ફિક્સ પગાર રૂ. ૩૧૩૪૦ ચુકવવામાં આવશે. જ્યારે વહીવટી સહાયકને માસિક ફિક્સ પગાર રૂ. ૧૯૯૫૦ અને સાથી સહાયકને માસિક ફિક્સ પગાર રૂ. ૧૦૪૯૮ ચુકવવાનું નક્કી કરાયું છે. બિન આદિજાતિ વિસ્તારમાં ૯૪ શાળા માટે ૧૪૧ શિક્ષકો, ૯૪ વહીવટી સહાયક અને ૯૪ સાથી સહાયક હશે. જેનો બજેટ રૂ. ૫૫૦ લાખ રાખવામાં આવ્યો છે. જ્યારે આદિજાતિ વિસ્તારમાં ૨૪ શાળામાં ૩૬ શિક્ષકો, ૨૪ વહીવટી સહાયક અને ૨૪ સાથી સહાયક હશે અને તેના માટે રૂ. ૧૪૦ લાખ ફાળવવામાં આવ્યા છે. કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલી કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. નવી શાળા માટે મંજૂર કરાયેલી નવી મંજૂર જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો કમિશનર ઓફ સ્કૂલની કચેરીએ જગ્યા લંબાવવાની દરખાસ્ત મુદત પુર્ણ થાય તેના એક માસ પહેલા વિભાગને રજૂ કરી જગ્યા વધુ સમય સુધી ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે તેવી પણ તાકીદ કરાઈ છે. નાણાં વિભાગ દ્વારા જે શરતોને આધીન મંજૂરી અપાઈ છે તેમાં નાણાં વિભાગની પૂર્વ મંજૂરી વગર કોઈ પણ જાતનો ફેરફાર કરી શકાશે નહીં.

# મૅડિકલ કૉલેજમાં હવે રિન્યૂ ઈન્સ્પેક્શન નહીં

ગાંધીનગર, તા. ૧૮

નેશનલ મેડિકલ કમિશન આગામી માસથી લાગુ થવાનુ છે ત્યારે હાલમાં ભારત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એવી જાહેરાત કરી દેવામાં આવી છે કે હવે પછી કોઈપણ મેડિકલ કોલેજમાં રિન્યૂઅલ ઈન્સ્પેક્શન કરવાના રહેશે નહીં. જે કોલેજ નવી શરૂ થવાની છે તેમાં પણ માત્ર એક જ વખત ઈન્સ્પેક્શન કરવાનુ રહેશે. આરોગ્ય વિભાગના આ આદેશના પગલે હવે રાજ્યની છ મેડિકલ કોલેજોમાં રિન્યૂઅલ મંજૂરી આવવાની હતી તે આવશે નહીં. જે કોલેજો નવી શરૂ થવાની છે તેમાં ઈન્સ્પેક્શન કરવામાં આવશે. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સ્થાને નેશનલ મેડિકલ કમિશન જાન્યુઆરીમાં લાગુ કરવાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. હાલમાં MCI દ્વારા જુદા જુદા રાજ્યોમાં નવી મેડિકલ અને રિન્યૂઅલ ઈન્સ્પેક્શન શરૂ કરવામાં આવ્યા હતા. થોડા સમય પહેલા જ MCIની ઈન્સ્પેક્શન ટીમને પરત બોલાવી દેવાનુ નક્કી કરાયા બાદ બાકી રહેલા ઈન્સ્પેક્શન પુર્ણ કરવાની સૂચના આપવામાં આવી હતી. હવે આખરે આરોગ્ય વિભાગે દરેક રાજ્યોના આરોગ્ય વિભાગને લેટર મોકલીને એવી સ્પષ્ટતાં કરી દેવામાં આવી છે કે, NMC લાગુ થવાનુ છે ત્યારે હવે જે કોલેજના રિન્યૂઅલ ઈન્સ્પેક્શન કરવાનુ MCI દ્વારા નક્કી કરાયું છે તે હવે કરવાના રહેતા નથી. કારણ કે NMCમાં કરાયેલી જોગવાઈ પ્રમાણે માત્ર કોલેજ શરૂ થાય ત્યારે એક જ વખત ઈન્સ્પેક્શન કરવાનુ રહેશે. રિન્યૂઅલ એટલે કે બીજા વર્ષની મંજૂરી માટે કોઈ કોલેજનુ ઈન્સ્પેક્શન કરવાનુ ન હોવાથી કાઉન્સિલ દ્વારા આ કાર્યવાહી કરવાની રહેતી નથી. જો કે પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલના ઈન્સ્પેક્શનની કાર્યવાહી યથાવત્ રહેશે. NMCના આ નિર્ણયના કારણે ગુજરાતની છ મેડિકલ કોલેજોમાં એક માસમાં MCIનું ઈન્સ્પેક્શન આવવાનું હતુ તે હવે આવશે નહીં. માત્ર સોસાયટી કે સરકારી મેડિકલ કોલેજો જ નહીં પરંતુ પ્રાઈવેટ કોલેજોમાં પણ બીજા વર્ષ માટે ઈન્સ્પેક્શન આવવાનું ન હોવાથી સીધી મંજૂરી આપી દેવાશે.

# નડીયાદની પ્રતિભાશાળી બાળા રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં પહોંચી



ગાંધીનગર, તા. ૧૮

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકાર તથા રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થા (NIFCID), દિલ્હી દ્વારા આયોજીત હોસલા-૨૦૧૯ કાર્યક્રમ આજથી દિલ્હી ખાતે આરંભાયો છે, જે ૨૧ તારીખ સુધી કાયમ રહેશે.

આ કાર્યક્રમ બાળ સંભાળ ગૃહના રાજ્યકક્ષાએ વિજેતા બાળકો માટે યોજાઈ રહ્યો છે. ખેડા જિલ્લાના બાળ સંભાળ ગૃહ હિન્દુ અનાથ આશ્રમની બાળકી હની સોની રાજ્યકક્ષાએ ચિત્રસ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી આ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં સાજેદાર થઈ છે.

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગરના સહયોગથી હવાઈ માર્ગે દિલ્હી પહોંચેલી આ પ્રતિભાશાળી બાળાનો વિદાય પહેલાં મહેશ પટેલ, ડૉ. અલકા રાવલ, કેશવભાઈ, ભાવનાબેન દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કંથારિયા વિસ્તારમાં સેવાકાર્યો







શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા રાજસ્થાન સરદ પાસે સ્થિત કંથારિયા વિસ્તારનાં ગોદરી, વાંકાટીંબા અને ડાભી ફળિયા ગામમાં શાળાનાં બાળકોને નવાં કપડાં, નોટબૂક, ચોપડા, પૅન, પૅન્સિલ અને નાસ્તાની ભેટ ધરવામાં આવી હતી. વાંકાટીંબામાં બાળકોને હાઉસીની રમત પણ રમાડવામાં આવી હતી. આ ઉપરાંત ખારી, શોભાયડા, સુનોક અને ગડાદર મુકામે ૯ ગામોનાં ૧૨૫ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા અને ૯ લાભાર્થીઓને સાડી ભેટ આપવામાં આવી હતી. સમગ્ર દિવસના આ ઉપક્રમમાં દિપક નિનામા, મફતભાઈ અને મિલિન્દભાઈ સંસ્થા વતી જોડાયા હતા.